For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## વેમાલીમાં ૩૦ મીટરના માર્જિનનો નિયમ નેવે મૂકી નદીના વહેણને રોકવાનો કારસો

# વડોદરાવાસીઓ પર ફરી 'પૂરનું સંકટ'




(પ્રતિનિધિ) વડોદરા તા.26

એક તરફ વડોદરા મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર દ્વારા વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવા માટે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ અને ગ્રાન્ટ ફાળવવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ વડોદરા વાસીઓ પર ફરી એકવાર પૂરનું ગંભીર સંકટ તોડાઈ રહ્યું છે. વડોદરાની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીના પટમાં તમામ નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે મોટું બાંધકામ ખડકી દેવામાં આવ્યું હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે, જેને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, વડોદરા કોર્પોરેશનની નાક નીચે જ વેમાલી વિસ્તારના સર્વે નંબર ૨૨૬ માં નદીના કુદરતી પ્રવાહની અંદર જ એક વિશાળ પ્રોટેક્શન વોલ ચણી દેવામાં આવી છે. આ બાંધકામને કારણે નદીનો વિશાળ પટ સાંકડો થઈને એક નાળા જેવો બની ગયો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અને જીડીસીઆર ના કાયદા અનુસાર, નદી કિનારે જો કોઈની ખાનગી માલિકીની જમીન હોય તો પણ નદીના પટથી ઓછામાં ઓછી ૩૦ મીટરની જગ્યા છોડવી ફરજિયાત છે.

જોકે, આ કિસ્સામાં કોઈપણ પ્રકારનું માર્જિન છોડ્યા વિના નદીના વહેણને અવરોધીને સીધું જ બાંધકામ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નદીના પટની આ કિંમતી જમીન કોઈ વગદાર રાજકીય નેતાની હોવાની ચર્ચા છે, જેના કારણે તંત્ર પણ લાચાર કે નિન્દ્રાધીન હોય તેવું લાગી રહ્યું છે. આ મામલે સામાજિક કાર્યકરો અને વિશ્વામિત્રી બચાવ સમિતિના સભ્યોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. નદીના બંને કિનારે આવી પ્રોટેક્શન વોલ બનાવી દેવાતા આગામી ચોમાસામાં નદીના પાણી શહેરમાં ઘૂસી જવાની અને વડોદરા ફરી એકવાર ૫ થી ૬ ફૂટ પાણીમાં ડૂબે તેવી ભયાનક સ્થિતિનું નિર્માણ થવાની પૂરેપૂરી સંભાવના છે.

જોકે, આ બાબત સામે આવ્યા બાદ કાર્યપાલક એન્જિનિયરે ટાઉન પ્લાનિંગ શાખા અને ટીડીઓને પત્ર લખીને તપાસ કરવા અને માર્જિન ચેક કરીને નોટિસ પાઠવવા માટે રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.

### વિશ્વામિત્રીના કિનારે હવે 'ત્રીજી આંખ'નો પહેરો

## શહેરમાં પૂરની સ્થિતિ રોકવા નદીમાં ડેબ્રિઝ ઠાલવતા બિલ્ડરો સામે કડક કાનૂની સકંજો

**કચરો કે** કાટમાળ નાખ્યો તો સીધા જેલ ભેગા કે મોટો દંડ!



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીમાં બેફામપણે ઠલવાતા કચરા અને મોટો કન્સ્ટ્રક્શન વેસ્ટ (સીએન્ડડી વેસ્ટ)ની ગંભીર સમસ્યાને પગલે વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર આખરે સફાળું જાગ્યું છે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને શહેરમાં પૂરની સ્થિતિ ન સર્જાય અને નદીના વહેણમાં કોઈ અવરોધ ન આવે તે હેતુથી પાલિકા તંત્ર દ્વારા આગામી ૧૫ દિવસમાં નદીના અત્યંત સંવેદનશીલ એવા ૧૩ મુખ્ય લોકેશન્સ પર સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.વર્ષ ૨૦૨૪માં વડોદરામાં આવેલા વિનાશક પૂર બાદ પાલિકા દ્વારા વિશ્વામિત્રી નદીની સફાઈ માટે મોટું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જો કે, આ સફાઈ અભિયાન બાદ પણ કેટલાક બેજવાબદાર નાગરિકો તેમજ બિલ્ડરો દ્વારા નદી કિનારે સતત પ્લાસ્ટિક, ઘરગથ્થુ કચરો અને બાંધકામનો કાટમાળ ઠાલવવાનું ચાલુ રાખ્યું હતું. આ ગંભીર બાબતને ધ્યાને રાખી માનવાધિકાર આયોગ દ્વારા ગઠિત સમિતિના સભ્ય રોહિતભાઈ પ્રજાપતિ દ્વારા પાલિકાને એક વિશેષ સૂચન કરાયું જેમાં નદી કિનારે કચરો ફેંકવાના આવા ૧૩ મુખ્ય હોટસ્પોટ્સ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા હતા અને ત્યાં સીસીટીવી કેમેરા ગોઠવવાની ભલામણ કરાઈ હતી, જેનો હવે પાલિકા દ્વારા અમલ શરૂ કરી દેવાયો છે.

પાલિકાના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, આગામી બે સપ્તાહમાં આ તમામ ૧૩ પોઈન્ટ્સ પર સીસીટીવી કેમેરા કાર્યાન્વિત કરી દેવામાં આવશે. આ કેમેરાની મદદથી ચોવીસે કલાક મોનિટરીંગ કરાશે અને જે કોઈ પણ ઈસમ, કોન્ટ્રાક્ટર કે બિલ્ડર નદીમાં કે નદી કિનારે ગેરકાયદેસર રીતે કચરો- ડેબ્રિઝ ઠાલવતા પકડાશે, તેમની સામે સીસીટીવી ફૂટેજના પુરાવા સાથે કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

### નદીના પટમાં ગેબિયન વોલ ખડકી દેવાઈ

વડોદરામાં અગાઉ આવેલા પૂર બાદ રાજ્ય સરકારે પૂર રાહત માટે કરોડો રૂપિયા મંજૂર કર્યા હતા અને તાજેતરમાં જ ૧૦૦ કરોડના ખર્ચે નદીના ડીસીલ્ટિંગ અને પહોળી કરવાની વાતો કરવામાં આવી હતી. જોકે, વડોદરાના શાસકો અને તંત્રની મિલીભગતને કારણે કરોડો રૂપિયા જાણે પાણીમાં ગયા હોય તેમ લાગી રહ્યું છે. એક તરફ કરોડોના ખર્ચે કુદરતી સ્ત્રોતને સાફ કરવાની સરકારી જાહેરાતો થાય છે, તો બીજી તરફ વગદાર રાજકીય નેતાઓ અને ભૂમાફિયાઓ નદીના પટમાં જ સોલિડ વેસ્ટ ઠાલવી, પુરાણ કરીને નદીને પૂરી રહ્યા છે. સવાલ એ થાય છે કે શું તંત્રની આ ઊંઘ આગામી ચોમાસામાં વડોદરાને ફરી ડૂબાડ્યા પછી જ ઉડશે?

### પૂરના કાયમી સંકટમાંથી ઉગારવા મોટો પ્રસ્તાવ

## ઢાઢર અને વિશ્વામિત્રી નદી માટે 'ઈકોરીજનલ પ્લાન' તૈયાર કરવા ભલામણ કરવામાં આવી

**વૈજ્ઞાનિક અભ્યાસ** કરી લાંબા ગાળાનું આયોજન કરો : નિષ્ણાતો



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા અને આસપાસના વિસ્તારોમાં સર્જાતી પૂરની ગંભીર પરિસ્થિતિના કાયમી નિવારણ તેમજ પર્યાવરણીય સંતુલન જાળવવા માટે એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. ઢાઢર અને વિશ્વામિત્રી નદીના સમગ્ર તટ વિસ્તારને આવરી લેતો એક વ્યાપક "પર્યાવરણીય પ્રાદેશિક યોજના" તાકીદે તૈયાર કરવા માટે સંબંધિત સત્તાધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા ભલામણ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નદીઓના કુદરતી પ્રવાહને પુનઃજીવિત કરવાનો, ગ્રીન ઝોન સ્થાપિત કરવાનો અને પૂર વ્યવસ્થાપનને મજબૂત બનાવવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચોમાસા દરમિયાન વડોદરા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વિશ્વામિત્રી અને ઢાઢર નદીઓના જળસ્તરમાં અભૂતપૂર્વ વધારો થવાને કારણે ભારે તારાજી સર્જાઈ છે. પર્યાવરણવિદો અને શહેરી આયોજનના નિષ્ણાતોના મતે, નદી કિનારે થયેલા ગેરકાયદેસર બાંધકામો, દબાણો અને કુદરતી કોતરો પુરાઈ જવાને કારણે પાણીના નિકાલનો માર્ગ સંપૂર્ણપણે અવરોધાયો છે. માત્ર ટૂંકા ગાળાના કે ઉપરછલ્લા ઉપાયો કરવાને બદલે, બંને નદીઓના સમગ્ર વહેણ વિસ્તારનો વૈજ્ઞાનિક અભ્યાસ કરીને લાંબાગાળાનું આયોજન કરવું અનિવાર્ય બન્યું છે. આ ભલામણ અંતર્ગત નદીઓની પાણી વહન કરવાની ક્ષમતા વધારવા અને કુદરતી જળાશયોને એકબીજા સાથે જોડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સરકાર અને સ્થાનીય પ્રશાસન જો સંયુક્ત રીતે આ યોજનાને ઝડપથી મંજૂરી આપી અમલમાં મૂકે, તો ભવિષ્યમાં વડોદરાવાસીઓને પૂરના કાયમી સંકટમાંથી મુક્તિ મળી શકે છે અને પર્યાવરણનું પણ જતન થઈ શકે છે.

### પાણીગેટ વિસ્તારમાં દારૂના ધમધમતા અનેક અડ્ડા છતાં પીઆઈ સહિતના સ્ટાફની ચુપકીદી કેમ ?

## વાઘોડિયા રોડના મકાનના ગુપ્ત ભોંયરામાં સંતાડેલો રૂા.3.37 લાખનો જથ્થો ઝડપાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના ગેરકાયદે ધંધા ખુલ્લેઆમ ધમધમી રહ્યા હોવાની ચર્ચા વચ્ચે એલસીબી ઝોન-3ની કાર્યવાહીથી સ્થાનિક પોલીસની કામગીરી ફરી એકવાર સવાલોના ઘેરામાં આવી છે. બાતમીના આધારે વાઘોડિયા રોડ પર ડી-માર્ટ પાછળ આવેલી જાનકી ડુપ્લેક્સ સોસાયટીમાં દરોડો પાડી એલસીબીએ રહેણાંક મકાનમાં બનાવેલા ગુપ્ત ભોંયરામાં સંતાડેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી બાદ પાણીગેટ વિસ્તારમાં દારૂ, જુગાર અને અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે સ્થાનિક પોલીસ કેમ નિષ્ક્રિય રહી છે તે અંગે અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારને લઈને ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે વિસ્તારમાં દારૂના મોટા સ્ટેન્ડ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે અને માંગો એ બોટલના ભાવે જાહેરમાં વેચાણ થતું હોવા છતાં પોલીસ તરફથી કોઈ અસરકારક કાર્યવાહી થતી નથી. કેટલાક લોકો તો એવો પણ આક્ષેપ કરી રહ્યા છે કે પોલીસના આશીર્વાદના કારણે બુટલેગરો બેફામ બની ગયા છે અને તેમને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. આ દરમિયાન ફરિવાર ડીસીપી અભિષેક ગુપ્તાના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-3ની ટીમને બાતમી મળી હતી કે શૈલેષ શંકર કહાર પોતાના વાઘોડિયા રોડ સ્થિત જાનકી ડુપ્લેક્સના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે દરોડો પાડતાં મકાનમાં દારૂ સંતાડવા માટે ખાસ ગુપ્ત ભોંયરું બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. એલસીબીની ટીમે ભોંયરામાં તપાસ કરતાં 24 અલગ-અલગ બ્રાન્ડની કુલ 322 વિદેશી દારૂની બોટલો કિંમત રૂ.3.26 લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી શૈલેષ કહારની ધરપકડ કરી દારૂ ઉપરાંત મોબાઈલ સહિત રૂ.3,.37 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### પોલીસે કાઉન્સેલિંગ બાદ વતન લખનઉ મોકલ્યો

## દરબાર ચોકડી બ્રિજ પરથી યુવાનનો આપઘાતનો પ્રયાસ



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા દરબાર ચોકડી બ્રિજ પર એક યુવક બ્રિજની રેલિંગ પર ચઢીને આપઘાત કરવાનો પ્રયાસ કરતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં યુવકને કૂદતા અટકાવવા માટે સ્થાનિક લોકો સતત સમજાવતા અને શાંતિથી વાતચીત કરતા જોવા મળે છે. અંતે લોકોએ તેને સુરક્ષિત રીતે બ્રિજ પરથી નીચે ઉતારી માંજલપુર પોલીસને સોંપ્યો હતો. જોકે યુવકને બ્રિજ પરથી ઉતારતી વખતે તેણે લોકો સાથે ઝપાઝપી પણ કરી હતી. આ મામલે ACP પ્રણવ કટારિયાએ જણાવ્યું હતું કે, બુધવારે મોડી રાત્રે સચિન ચૌહાણ નામનો યુવક દરબાર ચોકડી બ્રિજ નજીક આવતા-જતા વાહનોને રોકવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મકરપુરામાં રહેતા કોન્ટ્રાક્ટર આનંદ પ્રજાપતિ પાસે કામ શીખતો હતો. જોકે, કામમાં ફાવતું ન હોવાથી તે માનસિક રીતે ખૂબ જ હતાશ થઈ ગયો હતો અને તેના કારણે જ તેણે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે કોન્ટ્રાક્ટરને પોલીસ સ્ટેશને બોલાવી સમગ્ર મામલે પૂછપરછ કરી હતી. યુવકે પોતે પણ ઘરે પરત જવાની ઈચ્છા વ્યક્ત કરતાં કોન્ટ્રાક્ટરે બીજા જ દિવસે સવારે તેને ટ્રેન મારફતે તેના વતન લખનઉ રવાના કર્યો હતો. ACPએ સ્પષ્ટતા કરી હતી કે વાયરલ થયેલી આ ઘટનામાં કોઈ પણ પ્રકારનું ગુનાહિત કૃત્ય બન્યું નથી.

### દશરથ ગામમાં મોડી રાત્રે ખેલાયો ખૂની ખેલ

## પિતાની જગ્યાએ નોકરી પર ગયેલા પુત્રની પથ્થર વડે હુમલો કરી હત્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

દશરથ ગામમાં આવેલા ખાનગી શોરૂમમાં કાર વોશિંગનું કામ કરતા 42 વર્ષીય યુવકના માથામા પથ્થરથી હુમલો કરીને હત્યા કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી છે. પિતાની જગ્યા પર નોકરીએ ગયેલા યુવકની હત્યા બાદ આરોપીઓએ મૃતદેહને બ્લેન્કેટથી ઢાંકી દીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને કોઈ વ્યક્તિએ ભાઈના નામથી બહેનને રહસ્યમય ફોન કોલ કરનાર કોણ ? પોલીસે હત્યા કોણે કરી સહિતના વિવિધ પાસાઓની તપાસ કરવા માટે ધમધમાટ શરૂ કર્યો છે. વડોદરા નજીક આવેલા દશરથ ગામમાં શુક્રવારે વહેલી સવારે હત્યાનો એક સનસનાટીભર્યો બનાવ બનતા ચકચાર મચી ગઈ છે છે. ખાનગી શોરૂમમાં કાર વોશિંગનું કામ કરતા 42 વર્ષીય સુરેશ ભવનભાઈ વસાવા શોરૂમના પરિસરમાં જ લોહીલુહાણ મૃત હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક સુરેશ વસાવાના પિતાનુ મોતિયાનુ ઓપરેશન કરાવ્યું હોવાના કારણે તેઓ પિતાની જગ્યાએ શોરૂમ પર નોકરી ગયા હતા. સવારે પરિવારજનો તેમને ઘરે બોલાવવા શોરૂમ પર પહોંચ્યા હતા. ત્યારે તેઓ જમીન પર બ્લેન્કેટથી ઢાંકેલી હાલતમાં પડેલા જોવા મળ્યા હતા. બ્લેન્કેટ હટાવતા તેમના માથામાં ગંભીર ઈજાઓ સાથે લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહની નજીક એક મોટો પથ્થર પણ પડેલો હોવાથી અજાણ્યા શખ્સોએ પથ્થર વડે હુમલો કરી તેમની હત્યા કરી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં ગ્રામજનો મોટી સંખ્યામાં સ્થળ પર ઉમટી પડ્યા હતા. પોલીસ, એફએસએલ અને અન્ય અધિકારીઓએ સ્થળનું નિરીક્ષણ કરી પુરાવા એકત્રિત કર્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરાઈ છે.



મૃતકની ફાઇલ તસવીર

તપાસ દરમિયાન એક ચોંકાવનારી માહિતી પણ સામે આવી છે. પોલીસના જણાવ્યા મુજબ હત્યા પહેલાં જ મૃતકની બહેનને કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને તેમના નાના ભાઈના નામે જણાવ્યું હતું કે સુરેશ વસાવાની કોઈએ પથ્થર મારી હત્યા કરી છે. આ રહસ્યમય ફોન કોણે કર્યો, તેને ઘટનાની અગાઉથી કેવી રીતે જાણ થઈ અને તેનો હત્યાકાંડ સાથે કોઈ સંબંધ છે કે કેમ તે મુદ્દે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### પત્નીનો પગાર ચોરી છૂપીથી લઈ દેવું ચૂકવી દીધુ

## ઓનલાઈન ગેમની લતે પતિને બનાવ્યો દેવાદાર..!

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

પતિના શંકાસ્પદ વર્તન અને પત્નીને જાણ કર્યા વગર તેનો પગાર લઈ જતાં દંપતી વચ્ચે સતત વિવાદ શરૂ થયો હતો. આખરે પત્નીએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. અભયમ ની ટીમને કાઉન્સેલિંગ દરમિયાન બહાર આવ્યું કે પતિ ઓનલાઈન ગેમિંગના વ્યસનનો શિકાર બનતાં ભારે દેવામાં ડૂબી ગયો હતો અને દેવું ચૂકવવા માટે પત્નીનો પગાર વાપરી દીધો હતો. સમજાવટ બાદ આખરે બંને વચ્ચે સમાધાન થયું હતુ અને પછી ફરી આવી ભૂલ નહીં કરવાની ખાતરી આપી હતી. વડોદરા શહેરમાં રહેતી પીડિતાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં મદદ માંગતા જણાવ્યું હતું કે તેમના પતિએ તેમને જાણ કર્યા વગર નોકરીનો પગાર લઈ લીધો હતો. પગાર અંગે પૂછપરછ કરતાં પતિ ઝઘડો કરતા હતા અને સાથે રહેવાની પણ ના પાડતા હતા. આ કારણે પીડિતાએ અભયમની મદદ લીધી હતી. જેના પગલે અભયમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને મહિલાના પતિનું કાઉન્સેલિંગ કરતાં ચોંકાવનારી હકીકત સામે આવી હતી. પતિએ સ્વીકાર્યું કે તેમને ઓનલાઈન ગેમ રમવાની ગંભીર લત લાગી ગઈ હતી. ગેમમાં પૈસા ગુમાવતા તેઓ અનેક લોકો પાસેથી ઉધાર લઈને રમતા રહ્યા હતા, જેના કારણે તેમના પર દેવું થઈ ગયું હતું. પત્નીને આ બાબતની જાણ નહોતી. દેવું વસૂલવા માટે લોકોના સતત ફોન આવતા અને ઘરે આવી જવાની ભીતિના કારણે પતિએ પત્નીને જાણ કર્યા વગર તેનો પગાર લઈ દેવું ચૂકવી દીધું હોવાનું જણાવ્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન પતિએ જણાવ્યું કે તેમણે પત્નીને ટૂંક સમયમાં સમગ્ર રકમ પરત આપવાની ખાતરી આપી હતી. સાથે જ ભવિષ્યમાં કોઈ પણ આર્થિક મુશ્કેલી કે નિર્ણય અંગે પત્નીને વિશ્વાસમાં લઈને જ આગળ વધવાની ખાતરી પણ આપી હતી.

### પેલેટનો જથ્થો બળીને ખાખ ફાયર બ્રિગેડની મોડી પહોંચી હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોમાં રોષ

## દશરથ ભરત એસ્ટેટના લાકડાનાં ગોડાઉનમાં આગ

**ત્રણ ફાયર બંબાની** ટીમે ભારે જહેમતે આગ કાબુમાં લીધી,બંધ બોડીના ટ્રકના ટાયર પણ લપેટમાં આવ્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરાના દશરથ ગામ સ્થિત ભરત એસ્ટેટમાં આવેલા એક લાકડાના ગોડાઉનમાં મોડી રાત્રે ભીષણ આગ ભભૂકી ઉઠતાં સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. ઈમ્પોર્ટ એક્સપોર્ટ માટે વપરાતા લાકડાના પેલેટ મટીરીયલના જથ્થામાં અચાનક આગ લાગતાં જોતજોતામાં તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

પ્રાથમિક માહિતી મુજબ ગોડાઉનમાં મોટી માત્રામાં લાકડાના પેલેટનો સંગ્રહ કરાયો હતો. લાકડું હોવાના કારણે આગે ગણતરીની મિનિટોમાં જ આખા ગોડાઉનને લપેટમાં લઈ લીધું હતું. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ પ્રસરતા ગોડાઉન પાસે પાર્ક કરેલા એક બંધ બોડીના ટ્રકના ટાયર પણ આગની ઝપેટમાં આવી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ગામના સરપંચ, તાલુકા પંચાયતના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ગામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જોકે, સ્થાનિકોના જણાવ્યા મુજબ ફાયર બ્રિગેડ સમયસર ન પહોંચતા ગામજનોએ પોતાની રીતે પાણીનો મારો ચલાવી આગ વધુ ન ફેલાય તે માટે પ્રયાસો શરૂ કરી દીધા હતા. થોડા સમય બાદ વડોદરા ફાયર વિભાગના ત્રણથી વધુ ફાયર ફાઈટરોની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. લાકડાના પેલેટ હોવાથી આગ વારંવાર ભડકી ઉઠતી હતી, જેથી ફાયર જવાનોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સતત પાણીનો મારો ચલાવીને કલાકોની મહેનત બાદ આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. સાવચેતીના ભાગરૂપે આસપાસના વિસ્તારને સુરક્ષિત કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં ગોડાઉનમાં રાખેલો લાખોની કિંમતનો માલસામાન બળીને ખાખ થઈ જતાં મોટા આર્થિક નુકસાનની આશંકા સેવાઈ રહી છે. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. સ્થાનિક તંત્ર અને પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ, ફાયર બ્રિગેડની ટીમ મોડી પહોંચતા આગ વધુ વકરી હોવાનો આક્ષેપ સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યો છે.

### અલકાપુરીથી વૃંદાવન ચાર રસ્તા વચ્ચે ઘટના બની

## રિક્ષામાંથી કાલોલની મહિલાના સોનાના દાગીનાની તફડંચી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

પંચમહાલ જિલ્લાના કાલોલની રહેવાસી અને વેજલપુર પીએચસીના સુરેલી સબ સેન્ટરમાં નર્સ તરીકે ફરજ બજાવતા જશુબેન પ્રવીણસિંહ રાઠોડે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, જશુબેન તેમના ભાભી રૂપલબેન સાથે પરિવારના લગ્ન પ્રસંગ માટે સોનાના દાગીના બદલાવવા 21 જૂનના રોજ વડોદરા આવ્યા હતા. તેઓ પ્રથમ અલકાપુરી સ્થિત દામોદરદાસ જ્વેલર્સ ખાતે ગયા હતા, પરંતુ ત્યાં દાગીનાની ઓછી કિંમત મળતા તેઓ દાગીના પાછા લઈને વૃંદાવન ચાર રસ્તા પાસે આવેલા અન્ય જ્વેલર્સ તરફ શટલ રિક્ષામાં નીકળ્યા હતા. રસ્તામાં અલકાપુરી ગરનાળા પાસેથી બે પુરુષો રિક્ષામાં ચડ્યા હતા, જેમાંથી એક પાછળ તેમની બાજુમાં બેઠો હતો

જ્યારે બીજો ડ્રાઈવર પાસે બેઠો હતો. બાદમાં લહેરીપુરા ગેટ પાસેથી બે મહિલાઓ અને એક નાની બાળકી પણ પાછળની સીટમાં બેસ્યા હતા. પાણીગેટ દરવાજા પાસે તેઓ ઉતરી ગયા હતા. વૃંદાવન ચાર રસ્તા નજીક પહોંચીને જ્વેલર્સમાં દાગીના બતાવવા માટે પર્સ તપાસતા જશુબેનને અંદર રાખેલું નાનું પર્સ ગાયબ હોવાનું જાણવા મળ્યું. શોધખોળ છતાં પર્સ મળી આવ્યું નહોતું.

જેથી રિક્ષામાં મુસાફરી દરમિયાન અજાણ્યા શખ્સોએ પર્સમાંથી દાગીના ચોરી કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. ચોરી થયેલા મુદ્દામાલમાં એક જોડી સોનાની બંગડી કિંમત રૂ.1.26 લાખ અને સોનાનું બિસ્કિટ કિંમત રૂ.42 હજાર મળી આશરે રૂ.1.68 લાખના દાગીનાનો સમાવેશ થાય છે. આ બનાવ અંગે પોલીસે અજાણ્યા આરોપીઓ સામે ગુનો નોંધી રિક્ષામાં મુસાફરી કરનારા શંકાસ્પદ મુસાફરો તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.